નાશિક શહેરના ઇન્દિરાનગર પો.સ્ટે.માં નોંધાયેલ બળાત્કાર તથા પોક્સોના ગુન્હામાં સંડોવાયેલ
આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી.

પોલીસ મહાનિદેશક સા.શ્રી સી.આઇ.ડી. ક્રાઇમ રેલ્વેઝ,ગુ.રા.,ગાંધીનગર તરફથી મહિલા વિરૂધ્ધ અત્યાચાર,બળાત્કાર, છેડતી વિગેરે પ્રકારના ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ ગુજરાત રાજ્યની સિમાઓને લગતા અન્ય રાજ્યોના ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે રાખેલ સ્પેશિયલ ડ્રાઇવનુ આયોજન કરવામાં આવેલ હતુ. આ દરમ્યાન મહે.પોલીસ કમિશ્નરશ્રી અજયકુમાર તોમર સાહેબ સુરત શહેરનાઓએ એસ.ઓ.જી.,ને સુચના આપવામાં આવેલ. જે સુચના અનુસાર એસ.ઓ.જી., PI આર.એસ.સુવેરા તથા PSI વી.સી.જાડેજા નાઓએ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ નાશીક ઇન્દીરાનગર પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૪૯/૨૦૨૧ ઇ.પી.કો.કલમ.૩૭૬,૩૭૬(૨) તથા પોક્સો એક્ટ ૪,૮ મુજબના ગુન્હામાં સંડોવાયેલ આરોપીનુ ફક્ત નામ અને અધુરૂ સરનામુ હોય જે આરોપીને નાશીક પોલીસ શોધી રહેલ હોય પરંતુ આરોપી મળી આવેલ ન હોય. જેથી નાશીકથી તપાસમાં આવેલ PSI શ્રી એસ.જે.જગદાળે નાઓ પાસેથી આરોપી બાબતે જરૂરી તમામ માહીતી એકઠી કરી આ આરોપીને શોધી કાઢવા માટે એસ.ઓ.જી.,ના માણસોની અલગ અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સીસ તથા ટેકનીકલ સર્વેલન્સની મદદથી આ દિશામાં પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા.

જેમા નાશીક પોલીસ ટીમ સાથે એસ.ઓ.જી.,ના ASI હસમુખભાઇ મોહનભાઇ તથા HC બુધાભાઇ ડાહ્યાભાઇ નાઓને મળેલ બાતમી આધારે લીંબાયત શ્રીનાથ સોસાયટી પાસેથી આરોપી કિશોર દિગ્મ્બંર પાટીલ ઉ.વ.૨૬ રહે. પ્લોટ નં.પર શ્રીનાથ સોસાયટી વિભાગ-૪, નીલગીર પાસે લીંબાયત, સુરત વાળાને ઝડપી પાડેલ છે. જેથી મજકુર આરોપી વિરૂધ્ધમાં ધોરણસર કાર્યવાહી કરી આરોપીને નાશીક પોલીસને સોંપી આપેલ છે.